# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 13-02-2024 Morning : 7.45 to 7.55

Day : Tuesday National News

આકાશવાણી સમાચાર **રિધ્ધી ઉંધાડ** વાંચે છે.

****************************************************

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિદ્યાર્થીઓને રાષ્ટ્ર નિર્માણ અને વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં યોગદાન આપવા જણાવ્યું છે .
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે છેલ્લા 10 વર્ષમાં તેમની સરકાર યુવાનોને દેશની વિકાસ પ્રક્રિયામાં જોડવા પ્રયાસ કરી રહી છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી યુનાઈટેડ આરબ અમીરાત-યુએઇની બે દિવસીય મુલાકાતે જશે.
- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુજરાતના જેતલપુર ખાતે નરનારાયણ શાસ્ત્રી ઇન્સ્ટીટ્યુટ ઓફટેકનોલોજી યુનિવર્સિટીનું ઉદ્દઘાટન કર્યું.
- બિહારમાં નીતિશ કુમાર સરકારે રાજ્ય વિધાનસભામાં વિશ્વાસનો મત જીતી લીધો છે. 243 સભ્યોના ગૃહમાં 129 સભ્યોએ પ્રસ્તાવને સમર્થન આપ્યું હતું.
- આજે 13 ફેબ્રુઆરીએ સમગ્ર વિશ્વમાં વિશ્વ રેડિયો દિવસની થઈ રહી છે ઉજવણી
- મહિલા FIH હોકી પ્રો લીગમાં, ચીને ઓડિશાના રાઉરકેલામાં ભારતને 2-1થી હરાવ્યું..

************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# President

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિદ્યાર્થીઓને રાષ્ટ્ર નિર્માણ અને વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં યોગદાન આપવા જણાવ્યું છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ યુવાનોને દેશની સમસ્યાઓના એન્જિનિયરિંગ આધારિત નવીન ઉકેલો માટેવિજ્ઞાન અપનાવવા વિનંતી કરી છે. રાષ્ટ્રપતિએ ગુજરાતના ગઇકાલે સુરતમાં સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના 20મા દિક્ષાંત સમારોહને સંબોધિત કર્યો હતો. તેમણે યુવાનોને કહ્યું કે ઈજનેરી ક્ષેત્રમાં રાષ્ટ્ર નિર્માણ માટે તમારી દ્રષ્ટિ, સમસ્યા હલ કરવાની કુશળતા અને નવીન વિચારસરણીનો ઉપયોગ કરવામાં વિજ્ઞાનને તમારા માર્ગદર્શક અને સારથિ બનાવો.

રાષ્ટ્રપતિએ દિક્ષાંત સમારોહમાં 28 વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રક અને 1 હજાર 434 વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ગુજરાતના વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે શ્રીમદ રાજચંદ્ર મિશનની મુલાકાત લેશે. તેઓ ધરમપુર ખાતે ગુજરાતના સંવેદનશીલ આદિવાસી જૂથોના સભ્યો સાથે પણ વાર્તાલાપ કરશે.

# ROJGAR-MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, તેમની સરકારે ભરતીની પ્રક્રિયા પારદર્શક બનાવી છે. તેમની સરકાર ભરતીની પ્રક્રિયા નિર્ધારિત સમયમાં પૂરી કરવાની નેમ ધરાવે છે જેથી દરેકને પોતાનું કૌશલ્ય દર્શાવવાની સમાન તક મળી રહે. ગુજરાત સહિત સમગ્ર દેશમાં 47 સ્થળોએ યોજાયેલા રોજગાર મેળામાં કેન્દ્ર સરકારના વિભાગોમાં પસંદગી પામેલા એક લાખથી વધુ યુવાનોને નિમણુંકપત્રો વિડીયો કોન્ફરન્સ દ્વારા આપતા પ્રધાનમંત્રીએ આ મુજબ જણાવ્યુ હતું.

તેમણે કહ્યું કે, છેલ્લા 10 વર્ષમાં તેમની સરકાર યુવાનોને દેશની વિકાસપ્રક્રિયામાં જોડવા પ્રયાસ કરી રહી છે. શ્રી મોદીએ કહ્યું કે, આ દસકાના અંત સુધીમાં રેલવેમાં ધરમૂળથી પરિવર્તન આવશે અને દેશના વિવિધ સ્થળો જોડાતાં વેપાર અને પ્રવાસન ક્ષેત્રને વિકાસની નવી ગતિ મળશે. ભારત હવે ત્રીજા ક્રમની સ્ટાર્ટઅપ વ્યવસ્થા ધરાવે છે. દેશમાં આશરે સવા લાખ જેટલા સ્ટાર્ટઅપ કાર્યરત છે. અને યુવાનોને તે નવી તકો આપી રહ્યા છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, વિકસિત ભારતની પ્રક્રિયામાં દરેક સરકારી અધિકારીએ મહત્વની ભૂમિકા ભજવવાની છે. અને આજથી સરકારમાં જોડાઇ રહેલા નવા યુવાનો આ પ્રક્રિયાને વધુ ઝડપી બનાવશે.

આ પ્રસંગે પ્રધાનમંત્રીએ નવી દીલ્હી ખાતેના સંકલિત કર્મયોગી ભવન સંકુલના પહેલા તબકકાનું ખાતમૂહુર્ત કર્યું હતું. ગુજરાતમાં ગાંધીનગરના બીએસએફ સંકુલ ખાતે યોજાયેલા રોજગાર મેળામાં કેન્દ્રિય સંદેશાવ્યવહાર રાજ્યમંત્રી દેવુંસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા..

# MEA PM-UAE-Qatar

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી યુનાઈટેડ આરબ અમીરાત-યુએઇની બે દિવસીય મુલાકાતે જશે. મુલાકાત દરમિયાન, શ્રી મોદી UAEના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. બંને નેતાઓ બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ, વિસ્તૃત અને મજબૂત કરવાના માર્ગો પર ચર્ચા કરશે અને પરસ્પર હિતના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર વિચારોનું આદાનપ્રદાન કરશે. છેલ્લા આઠ મહિનામાં શ્રી મોદી અને UAEના રાષ્ટ્રપતિ વચ્ચેની આ પાંચમી મુલાકાત હશે.

પ્રધાનમંત્રી દુબઈમાં આયોજિત વર્લ્ડ ગવર્નમેન્ટ સમિટ 2024માં ભાગ લેશે અને સ્વામિનારાયણ સંપ્રદાયના BAPS મંદિરનું ઉદ્ઘાટન કરશે.

UAEની મુલાકાત પૂર્ણ કર્યા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બુધવારે બપોરે કતારના દોહાની મુલાકાત લેશે. મુલાકાત દરમિયાન તેઓ કતારના અમીર શેખ તમીમ બિન હમાદ સાથે દ્વિપક્ષીય બેઠક કરશે..

# AMIT SHAH JETALPUR

ગુજરાતની મુલાકાતે આવેલા કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ આજે અમદાવાદ જીલ્લાના સાણંદ, બાવળા, વિરમગામ તાલુકાના નળકાંઠા વિસ્તારમાં સિંચાઇ સુવિધાના 402 કરોડ રૂપિયાના કામના ખાતમુહુર્ત કરશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઇકાલે જેતલપુર ખાતે નરનારાયણ શાસ્ત્રી ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી યુનિવર્સિટીનું ઉદ્દઘાટન કર્યું.

ગુજરાત પ્રવાસે આવેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આ પ્રસંગે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, જેતલપુર માત્ર અમદાવાદ જનહીં પરંતુ સમગ્ર ગુજરાતના યુવાનો માટે ફોરેન્સિક સાયન્સ અભ્યાસનું કેન્દ્ર બનશે. જેતલપુરની જાણીતી શૈક્ષણિક સંસ્થા હેઠળ નરનારાયણ શાસ્ત્રી ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી અને ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી સાથે ગ્રેજ્યુએશન અને ડબલ ગ્રેજ્યુએશન માટેની કોલેજશરૂ કરવામાં આવી છે. જેતલપુરમાં દેશની નવમી ફોરેન્સિક કોલેજ છે.

આગામી દિવસોમાં ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીનેવિશ્વની અગ્રણી ટેકનીકલ યુનિવર્સિટી તરીક વિકસાવવામાં આવશે. 2025થી દર વર્ષે 30હજાર યુવાનો ફોરેન્સિક સાયન્સ એકસપર્ટ બનીને દેશની સેવા કરશે.આ અગાઉગૃહમંત્રીશ્રીએ અમદાવાદમાં મહાનગરપાલિકાના એક હજાર 900 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકામોનું લોકાર્પણ ખાતમૂહુર્ત કર્યું હતું.

.......2........

અમારા અમદાવાદના સંવાદદાતા અપર્ણા ખૂંટ જણાવે છે કે, કેન્દ્રીય ગૃહમંત્રીએ અમદાવાદ મહાનગરપાલિકાના ગૃહ, આરોગ્ય કેન્દ્ર અને માળખાકીય સુવિધાઓના વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુર્હૂત કર્યા છે.

# VP

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે આસામ સરકારના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારો- આસામ બૈભવ, આસામ સૌરભ અને આસામ ગૌરવ વિજેતાઓને પુરસ્કાર અર્પણ કરશે.

રાજ્ય સરકારે વિવિધ ક્ષેત્રોમાંથી પસંદ કરાયેલી 22 વ્યક્તિઓને તેમના સંબંધિત ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ પુરસ્કારો આપવાનું નક્કી કર્યું છે. ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયામૂર્તિ રંજન ગોગોઈને રાજ્યનું મુખ્ય નાગરિક સન્માન આસામ બૈભવ .આસમાની એક દિવસીય મુલાકાતે શ્રી ધનખડ આજે ગુવાહાટી પોહચશે.

# EVE BIHAR TRUST VOTE

બિહારમાં નીતિશ કુમાર સરકારે રાજ્ય વિધાનસભામાં વિશ્વાસનો મત જીતી લીધો છે. 243 સભ્યોના ગૃહમાં 129 સભ્યોએ પ્રસ્તાવને સમર્થન આપ્યું હતું. વિપક્ષ આરજેડી, કોંગ્રેસ અને ડાબેરી પક્ષોએ મતદાન પ્રક્રિયાનો બહિષ્કાર કર્યો હતો. વિરોધ પક્ષોની ગેરહાજરી વચ્ચે, નીતિશ સરકારની તરફેણમાં દરખાસ્તને બહાલી અપાઇ હતી. નાયબ અધ્યક્ષ મહેશ્વર હઝારીએ ગૃહની કાર્યવાહીનું સંચાલન કર્યું હતું..

# RLD– NDA

રાષ્ટ્રીય લોક દળે વિપક્ષી ગઠબંધન સાથેના સંબંધો તોડીને સત્તાધારી NDA ગઠબંધનમાં જોડાવાની જાહેરાત કરી છે. નવીદિલ્હીમાં પત્રકારોના પ્રશ્નનો જવાબ આપતા, પાર્ટીના વડા જયંત ચૌધરીએ કહ્યું કે તેમની પાર્ટીએ પરિસ્થિતિને કારણે અને લોકો માટે કંઈક સારું કરવાના હેતુથી આ નિર્ણય લીધો છે.

તેમણે વધુમાં કહ્યું કે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ચૌધરી ચરણ સિંહને ભારત રત્ન આપવાની જાહેરાત પછી, તેઓ ખૂબ જ ખુશ છે કારણ કે તે માત્ર તેમના પરિવાર માટે જ નહીં દેશના ખેડૂતો, યુવાનો અને ગરીબોનું સન્માન છે.

# WorldRadio Day

આજે 13 ફેબ્રુઆરીએ સમગ્ર વિશ્વમાં વિશ્વ રેડિયો દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વ રેડિયો દિવસ અભિવ્યક્તિની સ્વતંત્રતા, જાહેર ચર્ચાઅને શિક્ષણના પ્રસારમાં રેડિયોના મહત્વને સમજાવવાના ઉદ્દેશ્ય સાથે ઉજવવામાં આવે છે. વર્ષ 2011માં યુનેસ્કોના સભ્ય દેશો દ્વારા આ વિશ્વ રેડિયો દિવસ જાહેર કરવામાં આવ્યો ત્યાર પછી યુનેસ્કોએ 13 ફેબ્રુઆરી વર્ષ 2012ના દિવસને વિશ્વ રેડિયો દિવસ તરીકે પ્રથમ વખત ઉજવ્યો હતો.

આકાશવાણી અમદાવાદ કેન્દ્ર દ્વારા આજે વિશ્વ રેડિયો દિવસની અનોખી ઉજવણી કરાશે. રેડિયો ઉત્સાહી સિદ્ધાર્થ પટેલ કે જેની પાસે 200 જેટલા રેડિયો વાલ્વ સેટ છે. તેઓ આજે આકાશવાણી અમદાવાદ ખાતે કેટલાક રેડિયો વાલ્વ સેટ પ્રદર્શિતકરશે. જો કે, આ વાલ્વ સેટ આકાશવાણી સ્ટાફ પૂરતો જ પ્રદર્શિત થનાર છે.

રેડિયોના મહત્વ વિશે જાગૃતિ આવે અને રેડિયોને પ્રોત્સાહન મળે તે હેતુ થી. આ વર્ષની વિષય વસ્તુ છે - રેડિયોઃ માહિતી, મનોરંજન અને શિક્ષણ આપતી સદી.દર વર્ષે આ દિવસે, વિશ્વભરના પ્રસ્તુતકર્તા , સંસ્થાઓ અને સમુદાયો દ્વારા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન પણ કરવામાં આવે છે..

# PREZ-SMRITI-IRANI-ISNK.rtf

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાની સાથે 'નયી સોચ, નયી કહાની – સ્મૃતિ ઈરાની સાથે એક રેડિયો જર્ની'ના સમાપન એપિસોડમાં તેમના જીવનના અનુભવો શેર કર્યા છે. એક કલાકના આ કાર્યક્રમનું રાષ્ટ્રપતિ ભવનમાં રેકોર્ડિંગ કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ આજે વિશ્વ રેડિયો દિવસ નિમિત્તે સવારે 9 કલાકે આકાશવાણીના ગોલ્ડ પર અને સાંજે 7 વાગ્યે આકાશવાણી મેઘ ધનુષ્ય પર પ્રસારણ કરવામાં આવશે. આ સંવાદ આકાશવાણીના તમામ સોશિયલ મીડિયા માધ્યમો પર પણ પ્રસારીત કરવામાં આવશે..

# THAKUR-COMMUNITY-RADIO-SAMMELAN

માહિતી અને પ્રસારણ મંત્રાલય આજથી ચેન્નાઈની અન્ના યુનિવર્સિટી ખાતે બે દિવસીય પ્રાદેશિક કોમ્યુનિટી રેડિયો પરિષદનું આયોજન કરી રહ્યું છે. ભારતમાં કોમ્યુનિટી રેડિયોના વીસ વર્ષ પૂરા થયાની યાદમાં આ આયોજન કરવામાં આવી રહ્યું છે.

માહિતી અને પ્રસારણ મંત્રીઅનુરાગ સિંહ ઠાકુર કોન્ફરન્સમાં સંબોધન કરશે. દક્ષિણના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના તમામ 117 કોમ્યુનિટી રેડિયો સ્ટેશન આ કાર્યક્રમમાં ભાગ લેશે. આ કોન્ફરન્સનું આજે વિશ્વ રેડિયો દિવસ નિમિત્તે ઉદ્ઘાટન કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે દેશમાં કોમ્યુનિટી રેડિયોની સફર વર્ષ 2002માં શરૂ થઈ હતી.

# REV.-FIH-WOMEN-HOCKEY.rtf

મહિલા FIH હોકી પ્રો લીગમાં, ચીને ઓડિશાના રાઉરકેલામાં બિરસા મુંડા આંતરરાષ્ટ્રીય હોકી સ્ટેડિયમ ખાતે ભારતને 2-1થી હરાવ્યું. પ્રથમ હાફમાં, સંગીતા કુમારીએ ગોલ કરી શાનદાર શરૂઆત કરી ભારત માટે સ્કોરબોર્ડ ખોલ્યું હતું. ચીન માટે બિંગફેંગ ગુએ બે ગોલ કર્યા હતા. આગામી મેચમાં ભારતીય મહિલા ટીમ બુધવારે ઓડિશાના રાઉરકેલામાં નેધરલેન્ડ સામે રમશે.